# IITGn.માં એકડમીક એડવાઈઝરી કાઉન્સિલની બેઠક

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી (IIT) ગાંધીનગર ખાતે શિક્ષણની ગુણવત્તા અને રિસર્ચના નવા વિષયો પર ચર્ચાઓ કરવા માટે 'એકડમીક એડવાઈઝરી કાઉન્સિલનું આયોજન કરાયુ છે. બે દિવસીય આ બેઠકના પ્રથમ દિવસે અમેરિકાની ડ્યુક યુનિવર્સિટીના પ્રોફેસર માઈકલ બ્રેર્જીને કહ્યું કે, 'આઈઆઈટીની શિક્ષણ પદ્ધતિ ગ્લોબલ લેવલની છે તેમા સુધારો કરવાની જરૂર નથી પણ રિસર્ચના ક્ષેત્રે ભારતની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ક્વોલિટી ઑફ વોટર, ક્વોલિટી ઑફ એર, આંત્રપ્રિન્યોરશિપ, સોશિયલ સર્વિસ જેવા વિવિધ એરિયામા કામ કરવાની જરૂર છે. આ ક્ષેત્રમાં ક્વોલિટી રિસર્ચ વર્ક થાય તો તેનો સીધો ફાયદો ઈન્ડિયા અને તેના નાગરિકોને મળી શકે તેમ છે.'

**Title:** Academic advisory council  meet at IITGN
**Source:** Divya Bhaskar: City bhaskar Page No 1
**Date:** 27-12-2016